## <u>સુરતના ૧૩માં એડિ.સીવીલ જજ અને જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.</u>

**ફોજદારી કેસ નં. 86793/23**
**આંક– ૧૯**

**<u>–// ચુકાદો //–</u>**

આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ–૧૨મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવે છે. આ કામે આરોપીઓ ની જુગારધારા કલમ– ૧૨ મુજબની પ્લી આંક–૪ થી ૧૦ થી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાઓ સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપી ઓનાઓએ અલગથી આંક–૧૧ થી ૧૭ ની કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપીઓએ રોકડ રકમ(દાવ પરની)અંગે નો–કલેઈમ પુરશીશ આંક–૧૮ થી રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીઓ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓ નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતી સારી ન હોવાનું જણાવે છે. આરોપીઓ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલત સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપીઓ નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**–ઃ હુકમ ઃ–**

આરોપી (૧) કલ્પેશભાઈ ઠાકોરદાસ રાણા (૨)હીતેશકુમાર મનોહરલાલ પંજાબી (૩) સલીમખાન રાશીદખાન પઠાણ (૪)નેમસ કનૈયાલાલ રાણા (૫) મનોજકુમાર નટવરલાલ રાણા (૬) નરેશ પાનજીવાલ રાણા (૭) ધર્મેશભાઈ બેનીલાલ રાણા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ મુજબ ધી જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા)ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

મુદ્દામાલ દાવની રોકડ રકમ તથા અન્ય રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો બીનકિમતી મુદ્દામાલ અપીલ સમય વીત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીએ કોઈ કીમતી મુદામાલ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો આખરી રાખવામાં આવે છે અને જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે પો.સ્ટેના પી.આઈ.શ્રી એ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી.

આજ તારીખ– ૯મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૩ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૧૨/૨૦૨૩
સુરત

(ઓ.બી.ગોહિલ)
૧૩માં એડી.સી.જજ અને
જયુડી. મેજી. ફ.ક., સુરત.